પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર . ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા/જાહેરનામું/૧૨૯૦ /૨૦૨૨ તારીખ:૧૮/૦૩/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૨૦/૦૩/૨૨ ના રોજ ક.૧૨/૦૦ થી ૧૪/૦૦ દરમ્યાન ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હેડ કલાર્ક વર્ગ-૩ સંવર્ગની પરીક્ષા કુલ-૭૦ કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલો / હાઇસ્કુલોમાં લેવામાં આવનાર કેન્દ્રોની યાદી નીચે મુજબ છે. આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરીતિઓ ન થાય, પરિક્ષાર્થીઓ નિર્ભયતાથી પરિક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરિક્ષા મુકત ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરિક્ષામાં ગેરરીતિઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી વડોદરા નાઓના ક્રમાંકઃખાત/વશી/૭૭૮/૨૦૨૨, તા.૧૪/૦૩/૨૨ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તાઃ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબરઃ૬/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તાઃ૨૦/૦૩/૨૦૨૨ ના રોજ ક.૧૦/૦૦ થી ક.૧૫/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

### -: કૃત્યો :-

વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (શાળાઓ) માં પરિક્ષા લેવાનાર છે જે-તે પરિક્ષા કેન્દ્રોની શાળાઓના પરિક્ષા ખંડની અંદર તાઃ૨૦/૦૩/૨૦૨૨ ના કલાકઃ૧૦:૦૦ થી ૧૫:૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઇ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઇલ ફોન,વાયરલેસ સાહિત્ય વિગેરે લઇ જવા ઉપર, કે, ઇલેકટ્રોનીક ઉપકરણો લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી, તથા પરીક્ષા કેન્દ્રની બહાર ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકશે નહી, કે લાઉડ સ્પિકર વગાડી શકશે નહી

### -: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમા આવેલ તમામ પરિક્ષા કેન્દ્રની શાળાઓ/ હાઇસ્કુલની વિગત નિચે મુજબ છે.

### એનેક્ષર

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા લેવાનાર હેડ કલાર્ક વર્ગ-૩ ની પરીક્ષા કેન્દ્રો નીચે મુજબ છે.

| અ.નં. | કેન્દ્ર (સ્કુલનું નામ) | પો.સ્ટેશન |
|---|---|---|
| 1. | બરોડા હાઇસ્કુલ, નુતન ભારત સોસા. અલકાપુરી | સયાજીગંજ |
| 2. | સત્યનારાયણ વિધ્યાલય, લક્ષ્મીપુરા રોડ | ગોરવા |
| 3. | એલેમ્બિક વિધ્યાલય, રીફાઇનરી રોડ | ગોરવા |
| 4. | તેજસ વિધ્યાલય, ઇલોરાપાર્ક, સુભાનપુરા | ગોરવા |
| 5. | સી.એચ. વિધ્યાલય, ટી.બી. હોસ્પિટલ પાછળ, ગોત્રી રોડ | ગોત્રી |
| 6. | ગાયત્રી વિધ્યાલય, ગોત્રી રોડ, પાણીની ટાકી પાસે | ગોત્રી |
| 7. | વિધ્યામંદિર વિધ્યાલય, યશ કોમ્પ્લેક્ષ સામે, શિવમ પાર્ટી પ્લોટ, ગોત્રી રોડ | લક્ષ્મીપુરા |
| 8. | ગુજરાત પબ્લીક સ્કુલ, કલાલી ફાટક અટલાદરા | માંજલપુર |
| 9. | બી.એ.પી.એસ. સ્વામીનારાયણ વિધ્યામંદિર, અટલાદરા | માંજલપુર |

| | | |
|---|---|---|
| 62. | મહારાણી ઇગ્લીશ મીડીયમ દાંડીયાબજાર | |
| 63. | મહારાણી કન્યા વિધાલય સુરસાગર સામે | રાવપુરા |
| 64. | બરોડા હાઇસ્કુલ બગીખાના, પોલોગ્રાઉન્ડ સામે | રાવપુરા |
| 65. | નવજીવન હાઇસ્કુલ, પોલોગ્રાઉન્ડ સામે, બગીખાન વડોદરા. | નવાપુરા |
| 66. | વિધ્યામંદિર વિધ્યાલય, હરણી વારસિયા રીંગ રોડ, કિશનવાડી | નવાપુરા |
| 67. | પરીવાર વિધ્યાલય, મહાવીરહોલ, આજવા રોડ | વારસીયા |
| 68. | સરદાર વલ્લભ વિધ્યાલય, નવજીવન પાસે, આજવા રોડ | પાણીગેટ |
| 69. | ન્યુ હેવન વિધ્યાલય, વૃદાવન બસ સ્ટેન્ડ પાસે , વાઘોડિયા રોડ, | બાપોદ |
| 70. | આર. એન્ડ કે પંડ્યા વિધ્યાલય ચિતેખાન ગલી, ગેંડીગેટ રોડ, માંડવી | બાપોદ |
| | | વાડી |

**-: અપવાદ :-**

**આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.**

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ ઇન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

હું આથી આદેશ આપું છું કે,આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :૧૮ /૦૩/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
સત્યમેવ જયતે
વડોદરા શહેર, વડોદરા

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.